



# નવરાત્રી મહોત્સવના આયોજનમાં વરસાદ વિલન

## ગુજરાતના સૌથી મોટા નૃત્યોત્સવ નવરાત્રી શરૂ થવાને આડે જ્યારે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વારંવાર વરસતો વરસાદ આયોજકોની ચિંતા વધારી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લા એક વર્ષથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે તે નવરાત્રીના આયોજનમાં વરસાદ જાણે વિલન બની રહ્યો છે. નવરાત્રીને આડે હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ઉઘાડ ન નીકળતા આયોજકો ચિંતામાં ડુબી ગયા છે.

વરસાદનો છેલ્લો રાઉન્ડ સપાટો બોલાવી રહ્યો છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતને ઘમરોળ્યા બાદ મેઘાએ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને બાનમાં લઈ બધડાટી બોલાવી છે. ખેડૂતોને તો પાકની ચિંતા છે જ સાથે સાથે હાલમાં નવરાત્રીના આયોજકો ચિંતિત બન્યા છે. ગુજરાતના સૌથી મોટા ગણાતા નૃત્યોત્સવમાં ભાગ લેવા ખુબ ઉત્સાહ છે ત્યારે વરસાદ વિલન બની રહ્યો છે. વારંવાર વરસી જતા ઝાપટાના કારણે મેદાનોમાં પાણી ભરાઈ ગયા છે. સેક્ટરોમાં થતા શેરી ગરબાના આયોજકોએ તો આ વર્ષે ગરબા નહી કરવાનું વિચારી લીધુ છે. નવરાત્રી કમિટીની બેઠકોમાં વરસાદ અંગેની જ ચર્ચા થતી જોવા મળી રહી છે. ગાંધીનગરમાં બે થી ત્રણ સ્થળોએ પાર્ટીપ્લોટના ગરબા થાય છે ત્યાં પણ વરસાદના કારણે તૈયારીઓ અટકી પડી છે. બેનર, હોર્ડીગ્સ અને સ્ટેજ-મંડપ સહિતની કામગીરી આગળ વધી જ શકતી નથી. જો એકાદ-બે દિવસમાં ઉઘાડ નહી નીકળે તો નવરાત્રીના આયોજનમાં પુનઃ વિચાર કરવાની જરૂર પડશે.

# ગાંધીનગરમાં ૧લીએ યુવક કોંગ્રેસની રેલી

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૧લીએ યુવક કોંગ્રેસ દ્વારા યોજાનાર રેલીને લઈ કોંગ્રેસ એકમે તડામાર તૈયારીઓ ચાલુ કરી દીધી છે. આ રેલીમાં રાજ્યભરમાંથી આગેવાન કાર્યકરો ઉમટી પડનાર હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલે આ અંગે કાઉન્સિલરો અને હોદ્દેદારોની હાજરીમાં એક બેઠક યોજી હતી જેમાં રેલીના આયોજન અને વ્યુહરચનાની સૌને જાણકારી આપી અને જવાબદારી સુપ્રત કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રભારી શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેર એકમ દ્વારા આ રેલીના આયોજનને લઈ મંજુરી મેળવવાની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે. આ રેલીમાં પાંચ હજાર જેટલા યુવાનો હાજરી આપનાર છે.

કોંગ્રેસના ઉપપ્રમુખ અને યુથ આઈકોન રાહુલ ગાંધીના રાજ્ય પ્રવાસ પહેલા આ રેલી યોજવામાં આવી રહી હોવાથી તેનુ રાજકીય મહત્વ વધી જવા પામ્યુ છે. આ રેલીને પ્રદેશના પ્રભારી શ્રી ગુરૂદાસ કામત, વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખ શ્રી મોઢવાડિયા, શ્રી શક્તિસિંહ ગોહિલ સહિતના આગેવાનો સંબોધશે.

પ્રદેશ મંત્રીશ્રી હિમાંશુ પટેલ અને કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમન વિંજુડાએ જણાવ્યું હતું કે સે. ૬ની સત્યાગ્રહ છાવણી ખાતે કાર્યકરો સવારે ૧૦ વાગ્યાથી એકત્ર થશે અને ત્યાં ટુંકા સંબોધનો બાદ રેલી સ્વરૂપે આગળ વધશે.

મહિલા અગ્રણી મીનાબેન વાઘેલાએ જણાવ્યું હતુ કે આ રેલીમાં મહિલાઓ પણ જોડાશે અને આ માટે બેઠકોનો દોર હાલ ચાલી રહ્યો છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભ્રષ્ટાચારથી ત્રસ્ત બનેલી પ્રજાના પ્રશ્નોને વાચા આ રેલીમાં આપવામાં આવનાર છે. રેલી માટેની મંજૂરી મળી ગઈ છે. દરેક વોર્ડદીઠ પણ બેઠકોનો દોર આરંભી દેવામાં આવ્યો છે.

## ખૂણે... ...ખાંચરેથી

- શનિવારની રજાના દિવસે પણ વિધાનસભાનું સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું હોવાથી જિલ્લાની કચેરીઓ કાર્યરત રહી હતી.
- આજે બપોરે ૧૧ વાગે વિધાનસભા સંકુલમાં વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે.
- જિલ્લાના મહેસુલી અધિકારીઓની ગઈ કાલે ત્રણ કલાકથી પણ વધુ સમય સુધી બેઠક ચાલી હતી.
- ગાંધીનગરમાં વરસાદ જાણે ટવેન્ટી-ટવેન્ટીની મેચ હોય તેમ ઝાપટા રૂપે વરસી જતો રહે છે.
- જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકાર મેકવાને આજે જમિયતપુરા પ્રા. શાળા, દંતાલી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી.
- આજે રવિવાર હોવાથી મતદાર યાદી સુધારણા ઝુંબેશને લઈ બી.એલ.ઓ. અને અધિકારીઓ તેમની ફરજ પર હાજર રહેશે.
- ગાંધીનગરની સૌથી મોટી કો-ઓપરેટીવ સંસ્થા ગાંધીનગર નાગરીક બેંકની સામાન્ય સભા આજે બેંકની મુખ્ય કચેરીના ત્રીજા માળે મળશે.

## બેસણું



અમારા ભાઈશ્રી **હસમુખભાઈ કાન્તીલાલ શાહ (એચ. કે. શાહ, ફાર્માસીસ્ટ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર)** તા. ૨૬/૯/૨૦૧૩ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૨૯/૯/૨૦૧૩ને રવિવારના રોજ સવારના ૮-૩૦ થી ૧૦-૩૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી દીગંબર જૈન મંદિર, સેક્ટર-૨૧, એમ.એલ.એ. ક્વાટર્સની બાજુમાં, ચ-૫, ફુવારા પાસે, ગાંધીનગર.**

**લિ. સ્વ. કાન્તીલાલ છોટાલાલ શાહ**

**અરવિંદભાઈ કાન્તીલાલ શાહ (ભાઈ)** **રમેશચંદ્ર કાન્તીલાલ શાહ (ભાઈ)**
**પ્રકાશચંદ્ર કાન્તીલાલ શાહ (ભાઈ)** **ભૌમિક હસમુખભાઈ શાહ (પુત્ર)**

નિવાસસ્થાન : ૧૧૭૦/૨, સેક્ટર-૨એ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ગાંધીનગર. ફોન : ૯૪૨૬૩૫૫૩૬૩

## જાહેરાત

પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર ખાતે 'સુરક્ષા સેતુ' પ્રોજેક્ટ માટે કો-ઓર્ડીનેટર તરીકે કામ કરવા સારૂં ૩૫ વર્ષથી ઓછી વય ધરાવતા ગ્રેજ્યુએટ ઉમેદવારોની જરૂર છે. સ્.જી.ઉ. કરેલ તથા કોમ્પ્યુટર જાણકાર ઉમેદવારોને અગ્રિમતા આપવામાં આવશે. ઉમેદવારોએ પોતાની અરજી ફોટોગ્રાફ સાથે મોડામાં મોડી તા. ૫/૧૦/૨૦૧૩ના રોજ કચેરી સમય દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનાઓની કચેરીની રજીસ્ટ્રી શાખામાં અચુક મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. પસંદગી પ્રક્રિયામાં સફળ થનાર ઉમેદવારોને માસિક રૂ. ૮૦૦૦/-નું માનદ વેતન ચુકવવામાં આવશે.




ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com